( આ નીચલી બાબદનું લખાણ જરૂર ધ્યાનથી આખું વાંચવું. )

# જરથોશ્તી ઇલ્મે-ક્ષ્નુમ પ્રમાણે

## દરૂજી-એ-બુજી યાને માસીક માંદગીની દુર બેસવાની હાલત હાલમાં પારસીઓ મોટે ભાગે નહી પાળતા હોવાથી કોમને અણદીઠ રીતે તનની, મનની, રવાનની, આર્થીક તેમજ નૈતીક બાબદોમાં થતું ચાલુ ભયંકર નુકસાન.

(સુવાવડની હાલતને પણ એ લેખ લાગુ પડે છે).

જરથોસ્તી ઇલ્મે-ક્ષ્નુમના માનવંત બેહેસ્ત-બહેરેહ (બેહશ્તનો હીસ્સો પામનાર) ઉસ્તાદ સાહેબ બેહરામશાહ નવરોજી શરાફે પોતાની હૈયાતી દરમ્યાન "દરૂજી-એ-બુજી યાને દશ્તાન-સુવાવડની હાલત દરમ્યાન જાળવવાના અસલ જરથોસ્તી કાયદાઓ" એ નામનાં ૧૯૧૯માં કાઢેલાં ચોપાન્યા માટે ખુલાસો કીધો હતો કે આ હાશમી યાને ઘણા ખરાબ કળીયુગના જમાનામાં જો આ દરૂજી-એ-બુજીની પરહેઝી જાળવવાની સૌથી મુબારક તરીકત પણ આપણા મરદો અને બાનુઓ છોડી દેશે, તો જરથોશ્તી ધર્મને અને પારસી કોમની હૈયાતીને મોટી આફતમાં લાવી મુકવામાં તે ચીજ આગેવાન ભાગ લેશે, આ દરૂજી-એ-બુજીની જાળવણી તો કોમની નીતીરીતી અને સંસારની સ્વચ્છતાઇનો સૌથી અગત્યનો પાયો છે, અને એજ પાયો જો ધસી જાય તો તેની પછવાડે બીજી અનેક ખાના-ખરાબી જોડાયલીજ સમજવી. આપણે જાતી અનુભવથી હાલમાં બધે જોઇએ છીએ કે આપણી કોમમાં ઘણાજ મોટા ભાગે ઓરતોએ આ બુજીની તરીકત પાળવાનું સદંતર છોડી દઇ પોતાનું તેમજ આપણી કોમનું અણદીઠ રીતે ઘણું મોટું નખ્ખોદ વાળ્યું છે, અને એવણ સાહેબની ચેતવણીને બોલેબોલ ખરી પાડી આપી છે, અને હજી વધુ પ્રમાણમાં ખરી પાડી આપશે. એવણ સાહેબની હૈયાતી દરમ્યાન નીકળેલું દરૂજી-એ-બુજીનું મુફ્ત ચોપાન્યું ખપી જવાથી તેજ લખાણને વધુ વીસ્તારીને અનેક શરેહ સાથે "ક્રશો-ગર્દ" ચોપાન્યામાં મુજ નાચીજે ૧૯૩૩ માં છપાવી તેજ લખાણની બીજી જુદી ૧૫૦૦ નકલો કોમમાં મુફ્ત ફેલાવો કરી હતી, અને તે પણ ખપી જવાથી આપણી કોમના લોકોમાં આ દરૂજી-એ-બુજીને લગતું જ્ઞાન હજી ચાલુ ફેલાવો પામતું રહી ઓરતો, તેનો બને તેટલો જરૂર અમલ કરે અને પોતાને તેમજ કોમને આ બુજીની

હાલત નહી પાળવાથી પેદા થતી નખ્ખોદ વાળનારી આફતમાંથી બચાવે એવી મતલબથી આ લખાણને પાછું સુધારા વધારા સાથે આ ચોપડીમાં છપાવ્યું છે કે જેથી તે હમેશનું જળવાઇ રહે.

### "દરૂજી" એટલે શું? તેના ૨૧ પ્રકાર.

"દરૂજી" એ અવસ્તાનો ખાસ લોગતીક શબ્દ છે, તેનો અર્થ અશોઇને લગતી તરીકતો યાને પળેપળની જીંદગીમાં પાળવાના જરથોશ્તી દએનમાં શીખાડેલા તમામ કાયદાઓ વહેવારૂ રીતે નહી પાળ્યાથી અણદીઠ નુકસાનકારક મેગ્નેટીક ધ્વનીઓ તથા અણદીઠ ખરાબ રંગોથી 'હરારત' યાને ગરમી પામીને પોખાઇને સુક્ષ્મદર્શક યંત્રથી પણ નહી દેખાય એવી નાશકારક 'હરીરી' યાને સુક્ષ્મ જંતુઓનો ઉત્પન્ન થયલો જમીલો (જથ્થો) આમ અર્થ થાય છે. જે પ્રમાણે અશોઇના ૭૨ મરતબા જરથોશ્તી દએનમાં સમજાવેલા છે, તેજ પ્રમાણે અશોઇની સામે ઉભી થતી અસર જેને "દરૂજી" ના નામે ઓળખવામાં આવે છે, તે "દરૂજી" ના બધા મળીને મુખ્ય ૨૧ પ્રકાર જણાવવામાં આવ્યા છે, જેનાં કેટલાંક નામો જુદી જુદી યશ્તોમાં તેમજ પતેત પશેમાનીમાં આપણને મળી આવે છે, જેમાંના થોડાંક નામો આ પ્રમાણે છેઃ—પતેત પશેમાનીમાં જણાવેલી "દરૂજી–એ-હઇર" યાને "દરૂજી-એ-હીખ્ર" જે બીજી બધી દરૂજીઓને ટેકો યાને મુળ સમાન છે, તે જીવતાં જાગતાં શરીરમાંની તમામ નજીસાતો જેવી કે બાલ, નખ, હાડકાં, થુક, ઓક; લોહી, પરૂ, રસી, મળ-મુત્ર, વીગેરે શરીરથી છુટાં પડયાં પછી તેની અંદરથી નીકળતા બદ પ્રવાહોથી ઉત્પન્ન થતી ખરાબ અસરોને નામ આપવામાં આવ્યું છે. ખોરદાદ યશ્તમાં જણાવેલી "દરૂજી-એ-હષી" તથા "દરૂજી-એ-ઘષી" જે ઘણીજ નાજુક ગુહ્ય ભાગોને લગતી બાબદો છે તે તથા જમ્યાદ યશ્તમાં જણાવેલી "દરૂજી-એ-પએસીશ" એવી તો ખરાબમાં ખરાબ આ ત્રણ દરૂજીઓ છે કે તેની ભયાનક અસરોને લીધે આખી કોમ, દેશ, યા શેહેર એમના એમ ધરતીની અંદર યા રેલ આવવાથી ગરક થઈ જાય છે.

"દરૂજી–એ સએની" એક ગામ યા દેશના લોકોના બદ આચાર વીચારો તથા રહેણીકરણી (જેવા કે ખુન, ચોરી, દગો, લોભ, લાલચ, હવસ, કપટ, જુઠું વગેરે) ના વાતાવરણની અંદર બંધાયલા અણદીઠ હરીરીના ગુબારો યાને અણદીઠ પડોને લીધે ઉત્પન્ન થતી નુકસાનકારક અસરોને કહે છે, અને દેશપર મરકી, ધરતીકંપ, દુકાળ, લડાઈ, રેલ, આગ,

આફતો વગેરે આવી પડે છે તે આ "દરૂજી-એ-સએની" ને લીધે છે. "દરૂજી-એ-નસુ" તેને કહે છે કે જે તમામ મુરડાળ ચીજોમાંથી બહાર પડે છે અને જેને તેના કાયદાસર નહીં રાખ્યાથી તથા તેને અડકયાથી બે રીતની રીમની પુગે છે: પહેલી **'હમ-રીત'** અને બીજી **'પત-રીત'** કરીને કહેવાય છે. **'હમ-રીત'** રીમની એટલે કોઇબી નસાની ચીજના સીધા સંબંધ (direct contagion) માં આવવાથી અઇપીમાં ઉત્પન્ન થયલી હોય છે અને જે આલુદગી યાને અપવિત્રાઇનું જોર બહુજ રહે છે. **'પત-રીત'** રીમની એટલે 'હમ-રીત' રીમની થયા પછી તે 'હમ-રીત' રીમન થયેલો શખ્સ બીજાં કોઇને ચોકસ પ્રમાણ સુધી અડકે તો તે બીજાંની અઇપીમાં 'પત-રીત' રીમની (Indirect pollution) લાગુ પડે છે. વળી દરેક દરૂજીના બાબમાં જુદા જુદા પ્રસંગે આ 'હમ-રીત' અને 'પત-રીત' રીમનીના કાયદાઓ જુદી જુદી હદ સુધી લાગુ પડે છે તેના બારીક હીસાબી કાયદાઓ વંદીદાદમાંથી સમજવાની જરૂર છે. વળી મુરડાળ માંસ, મચ્છી, જેવી નસાની ચીજોનો ખોરાક તરીકે ઉપયોગ કર્યાથી ખરાબ મેગ્નેટીક અસરો શરીરમાં આમેજ થઇ બધી રીતે નુકશાનકારક થઇ પડી દુઃખદરદોનું કારણ થઇ પડે છે. "દરૂજી-એ-નસુ" ની બદ અસરો અટકાવવાને ખાતરજ આપણા બુલંદ ધર્મમાં ગુજર પામનારની લાશને સચકવાની, તેની આગળ **મોટી યશ્તેગાન** યાને ગેહસારણું કરવાની તેમજ **નાની યશ્તેગાન** યાને ભોંય આગળ ભણતર કરવાની, તેમજ **પાયદસ્ત** કરવાની તથા **દોખ્મે-નશીન** કરવાની સાયન્ટીફીક ક્રીયાઓ કરવાની ખાસ ફરમાવવામાં આવી છે, કે જે ઉંચ મેગ્નેટીઝમના કાયદાઓની બારીકી હાલમાં યુરોપ, અમેરીકાના મહાન ડાકટરો વટીક માન્ય રાખે છે. "દરૂજી-એ-બુજી" યાને સંસારી ભોગવટાથી તેમજ દશ્તાનવાળી તેમજ સુવાવડી ઓરતની હાલતથી તેમજ મરદની ગોસળની હાલતથી ઉત્પન્ન થતી દરૂજીને કહે છે. એ ઉપરાંત બીજી અનેક દરૂજીઓના નામો-અયુગી, મીથ્ર દરૂજી, વીના, જેહેકારી, શોઇથ્ર, બ્યામબુર, ખ્યોની, માંજન્ય, વરેન્ય, અએશ્મ, વીગેરે વીગેરે નામો અવસ્તા -પહેલવી-પાઝંદમાં આપણને મળે છે. આ ઉપર જણાવેલી બધી દરૂજી શું છે તથા તે કેમ ઉભી થવા પામે છે તે સમજી, જાણી, અને જાણી લેઇને પછી 'દરૂજી' થી દુર રહેતાં શીખવું અને 'દરૂજી' ની બદ અસરને (અસરે-તારીકીને) ચાલુ હરદમ અશોઇની રૂહાંની વૃદ્ધીમાં ફાયદાકારક અસર (અસરે-રોશની) માં ફેરવી નાંખવું એજ દરેક જરથોશ્તી બાનુ તેમજ ગૃહસ્થનો જીંદગીનો મુદ્રાલેખ હોવો જોઇએ. તમામ જાહેરી કે ખાનગી

અનીતીઓ, જે આદમ જાત પોતીકી જાતી (Sex) કે સામી જાતી તરફ કરી રહી છે, તેનું મુળજ **આ દરૂજી-એ-બુજીની પરહેજી બાએની અજ્ઞાનતા અને ગાફેલ્યત છે.**

આપણે દરૂજી-એ-બુજીની એક શાખા નામે મરદોની દરૂજીએ-બુજીની પરહેઝી યાને ગોસલપાણીનો કાયદો, શયતાન બાકી પરહેઝવાની તરીકત જેને ઇલ્મ્યતમાં ઇતેલામની પરહેઝી કહેલી છે તે બાબદ ઉપર જણાવી ગયા છીએ. હવે બાનુઓને લગતી દરૂજી-એ-બુજીની પરહેઝીની બાબદ લંબાણમાં જોઇએ. આ લખાણમાં દરૂજી-એ-બુજી શબ્દમાં માસીક માંદગી ઉપરાંત સુવાવડની હાલતની દરૂજી પણ સમાઇ જાય છે.

## માસીક માંદગી વખતે દૂર એલાહેદાં કાંય રહેવું જોઇએ?

ખોરેહની જાળવણી કરવાનાં જે ઉત્તમ સાયન્ટીફીક ફરમાનો જરથોશ્તી દએનમાં વખ્શુરે-વખ્શુરાન રમ્જ-ગો અહુરાના અશો સ્પીતમાન જરથોશ્ત સાહેબે "તરીકતો"નાં રૂપમાં આપેલાં છે, તેમાં માસીક માંદગી યાને દશ્તાનની હાલત વખતે તેમજ સુવાવડની વખતે ઓરતોને એલાહેદાં દુર રાખવાનો કાયદો એક સૌથી અગત્યનું ફરમાન છે. આ કાયદો કેટલો બધો સાયન્ટીફીક અને કુદરતાનુસાર છે તે જાણવાની જરૂર છે.

જયારે ઓરત જોબન (Puberty)માં આવી મોટી થવા માંડે છે ત્યારે તે વખતે ચોકસ ઍયામે દશ્તાન ઉત્પન્ન થાય છે. તેને આપણે માસીક માંદગીની હાલત કહીયે છીએ. આ માસીક માંદગીની હાલત ઓરતને કુદરતી કાયદેજ આવે છે, કારણ કે ઓરતને ઓલાદ વધારવાનું જે મહાન કાર્ય બજાવવાનું છે તેને લાયકની થવા માટે આ હાલતનું ચોકસ ઉમ્મરે આવવું તદન કુદરતી અને વાજબી છે. આવી હાલતમાં તે ઓરતનું બદન બહુજ ગરમ રહે છે અને તેનાં શરીરનાં દરેક છીદ્ર-માંથી એક "જાતની "હરારતે-ગરેવીઆ" યાને ખોટી ગરમી મોટાં પ્રમાણમાં બહાર નીકળતી રહે છે. અને તેને જો સારી રીતે સંભાળવામાં નહી આવે તો દરૂજી-ઇ-બુજીનું જોર બહુ વધી જાય છે અને તે ઓરત ઉપરાંત આસપાસનાં બધાં લોકોને આ બદ મેગ્નેટીક પ્રવાહ બહુજ નુકસાન કરે છે. દરૂજી-એ-બુજીની હરારત એટલી તો જબુન હોય છે કે એની હરારત બીજી કોઇબી 'હરારતે-ગરેવીઆ (ખોટી ગરમી) કરતાં શરીરનાં મુળમાંજ. પેવસ થઇને દરેકે દરેક શરીરના ગએથાને યાને શરીરની અંદ-રના અવયવોને નિરબળ કરી નાંખે છે. આ ખોટી ગરમી ઘણા દરજ્જાની (of verying grades) હોય છે અને તે ઉપર જણાવેલી દરેકે દરેક

દરૂજીની વખતે તેમજ દુખ–દરદોની વખતે અને હદબહાર ગરમ ચીજ ખાવાથી ઓછા વધતા દરજ્જાની પેદા પડે છે. જ્યાં સુધી આ ખોટી ગરમી (હરારતે–ગરેવીઆ) એકથી ત્રણ દરજ્જા (અસ્પંદી) સુધીની હોય છે, ત્યારે સાધારણ બીમારીમાં યા ગંભીર બીમારીમાં પણ તે કોઇ બીજાં આસપાસનાઓને હેરાન કરતી નથી, યાને 'ચેપી' (infectious and contagious) કહેવાતી નથી, પણ જ્યારે "હરારતે-ગરેવીઆ"ની અસ્પંદી) (Velocity સુક્ષ્મ જોશ, પ્રમાણ) ત્રણથી વધારે ને છ સુધીની હોય છે ત્યારે તે બીમારી ચેપી ગણાય છે યાને બીજાને નુકસાન કરતા ગણાય છે, અને જેમ જેમ અસ્પંદી ત્રણથી ઉપર વધવા માંડે છે અને છ યા તેથીબી ઉપર વધી જાય છે, તેમ તેમ તેના પ્રમાણ પ્રમાણે પ્રબળ યાને વધુ જોરાવર થતી જાય છે અને એવી સુક્ષ્મ નાશકારક "હરીરી" (microbes) યાને જંતુઓ પેદા કરે છે કે જે બારીક યંત્ર વડે પણ દેખાઇ શકાતાં નથી. તેઓ સેજદામાજ જોવાઇ શકાય છે.

હવે ત્યારે માસીક માંદગીની હાલતમાં જે બદ 'ખાતર' યાને વીજળીક આકર્ષણીક શકતી (મેગ્નેટીઝમ) સાથની 'હરારત' યાને ગરમી બહાર પડે છે તે ખરાબ મેગ્નેટીઝમનો વાજબી રીતે અટકાવ નહી કરયાથી દરૂજી–ઇ–બુજીનું જોર બહુ વધી જાય છે, અને આ દરૂજીનો જોશ એટલો તો બળવાન હોય છે કે ભૌંયતળ્યે દુર બેઠેલી એક ઓરતના બાબમાં વટીક ત્રણ કદમ યાને મુંબઇમાં આશરે સાડાદશ ફુટની અંદર આવનાર ગમે તેવા એક પરહેઝગાર શખ્સના પવીત્ર ખોરેહનો 'કતે' કરી (યાને કાપી) નાંખે છે. તેથીજ દરૂજી–ઇ–બુજી યાને દશ્તાન તથા મનીથી ઉત્પન્ન થતી ખરાબ મેગ્નેટીક અસરો નહી ઉભી થાય અને આસપાસનાઓને કોઇબી પ્રકારનું નુકસાન નહી થાય, (જે નુકસાન આગળ ચાલતાં વર્ણાવવામાં આવશે), તેને ખાતર ખાસ એલાહેદાં બેસવા માટે વંદીદાદ પ્રમાણે દરૂજી–ઇ–બુજી ઉભી કરનાર આવી હાલતવાલી ઓરતને રહેવાને માટે નીચે ભૌંયતળ્યે સુક્કી નક્કર જમીન (soil) જોઇએ, અને સુક્કી નક્કર જમીન હોય તોજ તે બુજીના બદ પ્રવાહને જમીન પોતાની અંદર ખેંચી લે છે, અને જમીન આ ખેંચેલા બદ પ્રવાહનું પોતાને માટે ખાતર (manure) બનાવી દે છે. નક્કર જમીન માણસ જાતથી યા કોઇબી બીજા પ્રકારથી ઉભી થતી બદ 'હરીરી'ને મેગ્નેટાઇઝ કરે છે યાને પોતા તરફ ખેંચે છે, અને આ રીતે કોઇબી પ્રકારની અસરે–તારીકીને અસરે-રોશનીમાં ફેરવી નાંખવાનો ઉમદામાં ઉમદા ગુણ જમીનની શકતી "આરમઇતી" પોતાના તાબા હેઠળની પેદાયશ એટલે કે જમીનની અંદર

ધરાવે છે. દુર બેસવા માટે અસલ 'અરમેશ્તગાહ' યાને ખાસ એલાહેદી જગ્યા ઘેરની બહાર રાખવામાં આવતી હતી પણ આજે તેવી જગ્યા જમાનાની ગીરદેશને લીધે તેમજ ધર્મ તરફની બેદરકારીને લીધે મળે નહી, યાને વખત ઘણો ખરાબ થતો આવે છે. માટે કોઇબી પ્રકારની તરીકત પાળવા ચાહનારે સૌથી પહેલાં નક્કર જમીનપર પોતાનો ચાલુ વસ્વાટ રહે તેની તલબ કરવી જોઇએ. નક્કર જમીન વગર તરીકતોનાં પાલનનું પરીણામ રૂહાંની વૃદ્ધિમાં ઉતરતું નથી. રૂહાંની વૃદ્ધિને ખાતર ખુદ આપણાં રવાને આ તનરૂપી જમીનમાંજ રાજીખુશીથી વસ્વાટ કર્યો છે,–ના, ખુદ પોતીકા હોવીઅતરૂપી ભાગને તનના કાદવમાં ફેરવાવી લીધો છે, કે જે તનરૂપી જમીનની ખીલવણી તથા સહકારથીજ–તેના કીમયાથીજ રવાન પોતાની બોખ્તગી (મોક્ષ-મુકિત)ની નેમ પાર પાડી શકશે. બાહય જમીન એ આપણી તનરૂપી જમીનનું Extension છે, જે આપણાજ રવાનનાં જાનવર–ઝાડપાન–ખનીજમાં વહેંચાયલાં અંશોની ફેરવાયલી હોવીઅતની બનેલી છે. કુદરતે રહેમ કરીને આ બાહય જમીનમાં પોતીકી 'આરમઇતી'ની મીનોઇ ગતી રેડી દીધી છે, કે જેની બરકતથી યાને જેના સંબંધમાં રહીનેજ ઇનસાની રૂહ તરીકતો પાળી પોતાનાં તનની 'આરમઇતી'ની શકિતને જગાડી રૂહાંની વૃદ્ધિ કરી શકશે. બાહય જમીન અને આપણાં તનની જમીન વચ્ચે આવો ગુહય સંબંધ હોવાને લીધેજ, વંદીદાદની ખાસ એક પરગરદ કેઇ જમીન ખુશાલ છે અને કેઇ જમીન નાખુશ છે તે બાબદ ઉપર રોકવામાં આવી છે.

હવે જો માળ ઉપર દશ્તાનવાળી યા સુવાવડવાળી હાલતમાં એક ઓરત દુર બેસે છે તો માળ ઉપરની કોબા યા ટાઇલની ભોંયના પાતલા પડની પછી નીચે હવા સાથના પોકળ પોળાણ ભાગો આવતા હોવાથી તે ઓરતનાં બદનની તે વખતની 'હરારતે-ગરેવીઆ' યાને ખોટી ગરમીનું પ્રમાણ પેલી કોબાની ભોંયની આકર્ષણ શકતી કરતાં ઘણુંજ વધારે હોવાથી તે ઓરતનાં બદ-મેગ્નેટીઝના પ્રવાહને તે કોબાની જમીન ખેંચીને ધરતીમાં ગારક કરી શકતી નથી. હવે જે ખરાબ પ્રવાહ માળ ઉપરની ભોંયથી ખેંચાઈ શકાતો નથી તે "વયુ-ઉપર કઇર્ય" યાને વાતાવરણ (surrounding atmosphere) ની હવામાં ચોમેર ફેલાઇ રહે છે, અને જ્યાં તે બદ-મેગ્નેટીઝમની 'ઉસુલ' યાને મુળ (centre) દશ્તાનવાળી હાલતમાં ઓરત બેઠેલી હોય છે તેને પોતાને તેમજ તે ઓરડામાં રહેનારાંઓને, તથા તે માળની ઉપર તેમજ નીચેના તમામ માળો ઉપરનાં તેમજ ભોંયતળ્યેનાં લોકોને, અને તે ઘેરની આસપાસની અમુક

હદ સુધીની તમાસ હવા દમમાં લેનારાંઓને પેલો બદ પ્રવાહ પુગી વળી નુકશાન કરે છે. આ દરૂજી–એ–બુજીની તમામ 'હરીરી' (microbes ઝીણા અણદીઠ જંતુઓ) જે હવામાં અણદીઠ રીતે બદ-પ્રવાહ સાથે ફરતી રહે છે તે બધાં આસપાસનાઓનાં દમમાં જાય છે અને તેઓના ઉશ્તાન યાને દમ ચલાવનાર સજીવન શકતીની સાથે આમેજ થાય છે અને ઉશ્તાનથી ચાલુ જાનનું બનવું થતું હોવાથી, અને જાન આપણી મન-શક્તિનું મુળ હોવાથી, પછી આસપાસનાઓનાં મનમાં જાતી–દર્શક યાને ગુહ્ય અંગોને ઉશ્કેરનારા હવસી વિચારો પોતાની મેળે આવવા માંડે છે, એટલુંજ નહી પણ આ 'હરીરી પુષ્કળ જથ્થામાં દમમાં ગયાથી તથા ચાલુ તે ઘેરમાં હવાનો બગાડ કર્યાથી ખાસ કરીને તપે–દીક વગેરે જાતજાતનાં શારીરીક (શરીરને લગતા) કાતેલ દરદો ત્યાં ઉભરી નીકળે છે. હાલમાં બધે ઘેરમાં જોશો તો આજે કોઇ બીમાર પડયું તો થોડો વખત ગયા પછી કોઈ બીજું માંદું પડયું એમ વારંવાર નાનાં મોટાં જે સાધારણ ચાલુ બીમાર પડે છે તેના અનેક કારણોમાં આ દરૂજી–એ–બુજીથી ઉપર સમજાવ્યા મુજબ ઉપલા હવામાં ચાલુ બીગાડ થવાનાં કારણને લીધે છે. 'તપે–દીક' એ ફારસી શબ્દ (તપ-ઇ-દીક) છે અને એનો અર્થ hectic fever યાને એક જાતની શરીરને ગળાવી નાંખનારી અંદરખાનેની તાપ જે ખહી જેવા જીવલેણ રોગ વીગેરેમાં દેખાવ દે છે એમ અર્થ થાય છે. આ "તપે–દીક" ની બીમારી બહુ ગંભીર જીવલેણ રોગ ગણાય છે. આ બીમારીથી ખાકી શરીરના સાંધે સાંધા તેમજ તમામ "ગએથા" યાને શરીરની અંદરના અંગો ઢીલાઢચ થઇ બગડી જાય છે. એ બીમારી અણ-દીઠ 'અઝદ' યાને 'મવાદી' શરીર જે તમામ રોગન યાને તેલ જેવા અણદીઠ પદાર્થનું બનેલું હોય છે અને જે ખાકી શરીરના અબાદ પ્રતી-બીંબ (counterpart) સરખું હોય છે તેમાં ખુદ પેવસ થાય છે, કે જે શરીર સુક્ષ્મ રોગાની (યાને તરીને લગતાં) આબી અનાસરનું બનેલું હોવાથી તેને "આબે–સુક્ષ્મ" તરીકે પણ ઓળખે છે, અને જે શરીર સાધારણ આંખે યા સુક્ષ્મદર્શક યંત્ર વડે પણ જોવાઇ શકાતુ નથી. આ જાલેમ દરદ આજના હુશ્યાર ગણાતા ડોકટરો વટીક પારખવામાં (diagnose યાને દરદની પરીક્ષા કરવામાં) ભુલાવો ખાય છે. એ 'અઝદ' યાને 'રોગાની શરીર' તો ઉશ્તાન યાને બાતેની ખરી સજીવન શક્તિ (પ્રાણ) નું ઘેર છે અને ખાકી હેયાતીનો ખુદ પાયો છે. જેમ કોપરેલની બતીમાંનું તેલ બધું બળી રહ્યા પછી કાકડો કેમ છેલ્લે સળગવા માંડે છે અને બળીને છેવટે કાકડોબી ખાક થાય છે, તેમ આ 'અઝદ' જે દંદ-

ગીનો કાકડો છે તે પોતે આ 'તપે-દીક' ની બીમારી લાગુ પડવે બળવા માંડે છે. મરણ વખતે તો આખું 'અઝદ'નું તમામ રોગાન 'ગએથા' યાને શરીરના અંદરના અંગોમાં ચુસાઇ જાય છે અને તેથી 'ગએથા' મંદ પડી જવાથી કામ કરતાં અટકી પડે છે અને મરણ વખતે શરીર તદન ઢીલું બની જાય છે. તેટલાજ માટે 'અઝદ' ની બીમારી જે 'તપે-દીક'નાં સામાન્ય નામે ઓળખાય છે તે કાતેલ ગણાય છે.

હવે જરથોશ્તી ઇલ્મે-ક્ષ્નૂમ મુજબ માનવીનાં બંધારણનાં જે નવ વિભાગો છે તેમાંનો એક વિભાગ જે 'અઝદ' ને નામે અવસ્તામાં ઓળખાય છે તેને એ 'તપે-દીક ની કાતેલ બીમારી કેવી રીતે લાગુ પડે છે તે જોઇશું. આ નવ વિભાગોના અવસ્તા નામો ખુદાની મેહેરથી **યજશ્નેના** ૫૫ માં હામાં નીચે મુજબ જળવાઇ રહેલાં સામટાં મળે છેઃ—

(ક) સ્થુળ-હાદેસ ભાગો યાને વખતના વહેવા સાથે વધે અને સંકોચાંઇ પણ જાય તેવા જાહેરી ઇંદ્રીથી બારીક સાયન્ટીફીક યંત્રથી પામી શકાય તેવા ભાગોઃ

(૧) "તનુ" યાને ખાકી શરીર જેમાં 'ગએથા' યાને શરીરની અંદરના સાંચાકામના અવયવો સીવાય તમામ બહારનો દેખઇતો શરીરનો આકાર હાડપીંજર-સ્નાયુઓ સમાઇ જાય છે.

(૨) "ગએથા" યાને શરીરની અંદરના અંગો એટલે અવયવો (vital organs) જેવાં કે દીમાગ યાને ભેજું, ફેફસાં, દીલ (યાને હાર્ટ heart), ઝીલે=નકીર (યાને ભેજાંની બારીક નસો), જીગર યાને કલેજું, તલી, શેકમ યાને હોજરી, આંતરડાં, ગુપ્ત અંગો તથા ગુરદા વગેરે. તેમજ Ductless glands, sympathetic ganglia વીગેરે.

(૩) "અઝ્દ" યાને 'આબે-સુક્ષ્મ' એટલે કે 'મવાદી' અણદીઠ શરીર જે તમામ રોગન યાને તેલ જેવા પણ અતી સુક્ષ્મ પદાર્થનું બનેલું હોય છે અને જે ખાકી શરીરના આબાદ પ્રતીબીંબ counterpart સમાન હોય છે.

(ખ) "સુક્ષ્મ-હાદેસ" ભાગો યાને વખતના વહેવા સાથે વધઘટ પામતા અણદીઠ ભાગોઃ

(૪) "કેહર્પ" યાને સુક્ષ્મ અનાસરી શરીર જેમાં ઉરવાન અહીંથી રહેલત કર્યા બાદ યાને મરણ બાદ પણ વાસો કરે છે.

(૫) "**તવીષી**" યાને વાસના-શક્તિ જેમાંથી બધી ઉંચ કે નીચ ખાહેશ અને લાગણીઓ તૃષ્ણાએ જન્મ પામે છે.

(૬) "**ઉશ્તાન**" યાને બાતેન અંદરખાનેની સજીવન-શક્તિ (દમ, પ્રાણ) જે જીંદગીને ટેકાવી રાખે છે અને ભાન કરાવે છે.

(ગ) "**કદીમ**" યાને હમેશના, કદી વધઘટ નહી પામનારા ભાગો:

(૭) "**ઉરવાન**" યાને આત્મા (soul) જે હંમેશાં "ઉરૂ" યાને મીનોઇ વૃદ્ધિની ગતીમાંજ રહે છે.

(૮) "**બઓદાંગ**" યાને મીનોઇ જ્ઞાન, જે તે સાહેબનું ભાન કરાવનાર ગતી છે.

(૯) "**ફ્રવષી** યા ફરોહર યાને સૌથી "અતલફમાં અતલફ" (શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ) અંશ; તે સૌથી નુરી પ્રકાશ કે જેનો ભાસ દરેક ઉરવાન પોતીકાં બઓદાંગની મારફતે મેળવનાર છે તે. ઉરવાનનું ભાન ખીલવી ઉસુલ નેમ જે દાદાર હોરમજદને મળવાની છે તે તરફ લઇ જનાર.

**તપે-દીકની બીમારીની જાહેર નીશાનીઓ (Symptoms) મરદ ઓરત માટે નીચે મુજબ રહે છે:**—શરૂઆતમાં લોહી-કમ 'અસ્પન્દી' યાને પ્રમાણમાં રહે છે, જેથી લોહીન 'બખુલ' (corpuscles red and white રાતાં અને સફેદ અનુઓ) કમજોર થાય છે, જેથી શરીરના દરેક સાંધે સાંધામાં કમજોરી પેદા થાય છે. ગોટે ભાગે કબજીઆત થાય છે કારણ કે ખોરાક હઝમ કરવાની શકતી મંદ પડે છે. પગનાં તળયાંમાં અગન દેખાવ દે છે, ચાલતાં પગ ઉંચકાતા હોય તેમ થાય છે. માથાંનો દુખાવો ચાલુ થયા કરે છે, દશ્તાન ઘણું મંદ પડવાથી વધારે જાય છે યા તો થોડું થોડું ખન્ચાયા કરે છે. જેમ જેમ 'અઝદ'નું રોગાન સુકાય છે તેમ તેમ 'શોશર' યાને મની, ધાત, કમી થતી જાય છે તેમજ તે વારંવાર કવખતે પસાર થવા લાગે છે. ગુહ્ય અંગને કમજોરી અને નાતવાની લાગુ પડે છે, જેથી સંસારમાં દુખી થાય છે અને ખોટી શેહેવત (હવસ)નો વધારો થાય છે અને તેને લીધે 'બીનાઇ' યાને જોવાની શક્તિમાં કમજોરી પેદા થાય છે. મોહડાંપર વખતના વહેવા સાથે ફીકાસનું જાહેર થવું, શરીરને ગળાવી નાખે તેવી જાતજાતની ડોકટરો વટીકને સમજ નહી પડે તેવી તરેહવાર તાવોની બીમારી, તેમજ શકતીનું દીવસે દીવસે ઘટલું, ભુખનું મરી જવું, વગેરે વગેરે, ટુંકમાં આખાં શરીરમાં રફતે રફતે કમજોરી આવે છે અને દરેક ગએથા યાને

શરીરની અંદરના અવયવો મંદ યાને સુસ્ત પડતા જાય છે, જેથી ટુંક ઉમરમાં બુઢાપો દેખાવ દે છે અને જીંદગી દરેક રીતે ફોકટમાં ખતમ થાય છે.

**તપે-દીકની બીમારીની બાતેની નીશાનીઓ:—**'તપે-દીક' ની બાતેની અસરો તો એથીબી કાતેલ થાય છે. દરૂજી-ઇ-બુજીની હાલત સદંતર નહી પાળ્યાથી તથા તેવી હાલતમાં બન્ને જાતી એક બીજાના ચાલુ સમાગમમાં આવ્યાથી ભયંકર પરિણામો અણદીઠ રીતે ઉત્પન્ન થાય છેઃ-ખરાબ હવસનું ઉશ્કેરાવું, અનીતીનું વધવું, જરાજરામાં ઉશ્કેરાઇ જઇ મારામારીનું ઉત્પન્ન થવું, તરેહવાર ખોટાં નાચ નખરાં, સામી જાતીની આગલ દેખાવ ( Exhibitionism ) કરી તેને ખેંચવાની તલબ અને મોજશોખમાં મચ્યા રહેવું, બેહયાપણું યાને બેશરમીપણું થવું, ઉદ્યોગને બદલે અયાસીપણું થવું, ઝનુની બનવું, મગજનું સમતોલપણું જતું રહેવું, ખાસ કરીને દીલ યાને હાર્ટ અને દીમાગ યાને ભેજાંનું નબળું થવું, નીચ હલકા હવસી વિચારોનું પેદા થવું, હરામખોરીનું વધવું, ખેરાતખોરી યાને કોઇ પાસે ભીખ માંગીને જીવવાની ટેવ પડવી, જાતી સ્વભાવમાં બધી રીતે બીગાડો, શુભ ખોરેહનું કતે થવું યાને દુર થવું, અશોઇ તરફ તેમજ રોજની બંદગી કરવામાં' તેમજ ક્રીયાકામ તરફ લાગણીનું સદંતર નાબુદ થવું, સાધારણ અકકલહુશીયારીનું ગુમ થવું, કુદરતની પીછાન તરફ ભાનભુલા થવું, લાચારીનું વધવું, ઉરવનની જવાબદારી અને વૃદ્ધિના ખ્યાલનું ભુલાઈ જવું, પૈસાના પુજારી થવું, બીજા ધર્મોની રાહરસમો અને આચારવીચારો ગ્રહણ કરવા, આપણા પોતાના દીનધર્મના કાયદાઓને જાણીજોઇને હસી કહાડવા, વગેરે વગેરે બનવા પામે છે. ટુંકમાં કોમમાંથી સાચ્ચું જરથોશતી આબ ગુમ થવા માંડે છે અને અધર્મીપણું કે બેધર્મીપણું વધી પડે છે.

**સદંતર દુર બેસવાનું નહી પાળનારી ઓરત પોતાને તેમજ તેના સમાગમમાં આવનાર માણસોને તેમજ કુદરતની પેદાયશોને કેટલું જાહેરી નુકસાન કરે છે:—**દુર બેસવાનું જાણીજોઇને સદંતર નહી પાળનાર ઓરત તેવી હાલતમાં પોતાનાં ઘેરની તમામ ચીજોને પોષાક-સામાનને અડકીને અપવિત્ર કરે છે, તેમજ ઘેરમાંનો અનાજ તથા કોઇબી પકાવેલી ખાવાપીવાની ચીજો, પાણી, ફળ, ફ્રૂટોને અડકીને તેમાં અણદીઠ રીતે બીગાડો કરે છે અને તે આવી બગડેલી ચીજો ખાનારને અણદીઠ રીતે નુકશાન પુગાડે છે. ઝાડનાં બીયાંને અડકે છે તો તે બીયાં ફળદ્રૂપ થતાં નથી, તેમજ જે ઝાડની કલમો અને રોપા-

ઓને અડકે છે તેઓ સુકાઇને નાશ પામે છે, અને ખાવાના અચારને અડકે છે તો તેમાં જીવ પડી બગડી જાય છે. ( આ ત્રણ ચીજોથી ખુલ્લું જાહેરી સાક્ષાત રીતે પુરવાર થાય છે કે એની હરીરી=જંતુઓ નુકશાનકારક છે ). ઘેરના પવિત્ર આતશને અડકયાથી યા તેને જોવાથી તે આતશના ખોરેહનો નાશ કરે છે, તેમજ આ દરૂજી-ઈ-બુજીવાળી' ઓરત પોતાનાં ઘેરમાંના મરદો તેમજ બીજાં બધાંઓને અડકે છે અને તેઓને ભયંકર નુકસાન અણદીઠ રીતે પુગાડે છે, અને ઘેરમાંના તેજ મરદો તેમજ બીજાંઓ તેહેવારના પવિત્ર દીવસોપર આતશબહેરામ, અગ્યારી જેવાં પાક મકાનોમાં જાય છે, જ્યાં ત્યાંના બોયવાળા મોબેદના સમાગમમાં આવે છે, તેમજ કેટલા લાગતાવળગતા બધાંના સમાગમમાં આવે છે, અને આ રીતે તે લોકોનું ખોરેહ બગાડી પાક મકાનોને પણ દરેક રીતે નહી લઇ ચલાવી શકાય તેવો મોટો ધોકો પુગાડે છે. આવી ઓરત કદાચ બુજીની હાલતમાં મરણ પામે છે તો તે તેના ઘેરના કોઇને પણ કદાચ માલુમ ન હોવાથી તેની મરણક્રીયા પણ જેમ ગમે તેમ થાય છે.

આવી બુજીવાલી ઓરતના સમાગમમાં આવનારા માણસોનાં ભેજાંની શકતીને ખરાબ અસર પુગે છે અને તેઓની સદબુદ્ધિનું જોર સુક્ષ્મ યાને બાતેન સમજ શકતીની બાબદમાં કમતર થતું જાય છે અને જડવાદી નાસ્તીક ( યાને ખુદાની પીછાણથી દુર ) અકુદરતી તરેહવાર ગલત વીચારો અને માની લીધેલી ફીલસુફી તરફ તેઓની મગજશકતી ઘણી ચાલાક રહે છે અને ખાસ કરીને ધીમે ધીમે તેઓમાં અધર્મીપણું ઘણું વધતું જાય છે.

આવી બુજીવાલી ઓરત જે મકાનોમાં માળ ઉપર બેસ્તી હોય યા આ હાલત સદંતર પાળતી ન હોય, તેવાં મકાનોમાં કોઇબી ગુજર પામેલાં રવાનોની મરણ ક્રીયાઓ આખાં મકાનમાં કેઠેબી દીની કાયદા મુજબ બીલકુલ થાય નહી અને તેવાં બુજીવાલાં મકાનમાં કોઇબી બરશ્નુમવાળા યઓજદાથ્રેગરથી જવાઇ શકાતું નથી, અને જો તે જાય તો તેનું બરશ્નુમ તદન રદ થાય છે, કારણ કે બરશ્નુમની મહાન ક્રીયાથી પોતાનાં ખોરેહની જે પવિત્રાઇ તેણે મેળવેલી હોય છે તે એકદમ આવી બદ-મેગ્નેટીઝમ યાને ખરાબ પ્રવાહની અસરથી કપાઇ જાય છે, અને તેવાં બુજીવાલાં મકાનમાં જઇ ક્રીયા કરનાર મોબેદને તેમજ ક્રીયાકામ જાણીજોઇને તેવાં મકાનમાં કરાવનારને બન્નેને ઘણો મોટો ગુનાહ લાગુ પડે છે, કારણ કે ક્રીયાકામનો અશોઇની મારફતે જે સદઉપયોગ કરવો જોઇએ તે કરવામાં આવતો નથી. ઉલટું, પવીત્ર ક્રીયાકામો અને માંથ્રને આવી પલીદી ( ખરાબી )માં

નાંખી, કુદરતમાં યસ્ત-દરૂજી ઉભી કરે છે. જો દુર બેસવાનું નીચેજ પળાતું હોય તો તે જગ્યા નીચે ક્રીયાકામ થતું હોય ત્યાંથી ઘણી લાંબે આશરે ૩૦ ફુટ દુર હોવી જોઇએ. માળ ઉપર દશ્તાનવાળી ઓરતના રહેવાથી આખાં ઘેરની 'અઇપી' યાને આસપાસની હવાનો સુક્ષ્મ ભાગ કેવો બગડી જાય છે તે બીના ઉપર સમજાવી છે તે ધ્યાનમાં લેતાં તે ઘેરમાં નીચે ભોંયતળ્યે યા માળ ઉપર અશોઇની પવિત્ર મરણ ક્રીયાકામ કરાવવાનું કમકમાટભરેલું લાગે છે, અને આ કારણને લીધેજ લાચારીએ ક્રીયાકામ અગ્યારીમાં સોંપવું પડે છે, જે અલબતાં ઘેરમાં થતી ક્રીયા-કામ કરતાં ઘણી રીતે ઘણાં કારણોસર ઘણીજ ઓછી અસરકારક યા નીરમુળ નીવડે છે, કારણ કે કોઈબી ગુજર પામનારની અઇપીની હુશ્મોરદી ક્રીયાઓ જે જગાએ તે ગુજર પામનાર રહેતો હોય તેના કુટુંબનો વસ્વાટની જગ્યાએજ થવી જોઇએ એવો જરથોશ્તી દએનનો મુળ નિયમ છે. આ અઇપીની ક્રીયાઓ શું છે અને તે ઘેરમાં નહી કરાવ્યાથી શું નુકસાન થાય છે તે હવે વીગતે જોઇશું.

- Extract from the book titled: "Zoroastrian Life Procedure Code" - by B. B. Rivetna (pgs *189-200*)